((૭))

વેચાણ અવેજ ₹.૧૧,૬૮,૦૦૦/- (અંકે રૂપિયા અગીયાર લાખ અળસંઠ હજાર પુરાં).

સંવત ૨૦૭૩ ના ને વાર વાર ને તારીખ મી માહે સને ૨૦૧૭ ના અંગ્રેજી દિને..

આ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજનો લેખ લખાવી લેનાર યાને વેચાણ રાખનાર યાને પહેલા પક્ષના :-

૧. નામ :-

ઉ.આ. :- વર્ષના.

જાતના :- હિન્દુ , ધંધો :- વેપાર

રહેવાસી :-

P.A. NO:- મો:-

(જેમને અહીંયા અને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં તમો પ્રથમ પક્ષના અને/અગર લખાવી લેનાર અને/અગર વેચાણ રાખનારા અને/અગર તમો એ રીતે સંબોધવામાં આવેલ છે. જે શબ્દોના અર્થમાં તમો પ્રથમ પક્ષના જાતે પોતે તથા તમારા વંશ, વાલી, વારસો, એક્ઝીક્યુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, એસાઇનીઝ, અધિકૃત પ્રતિનિધિઓ ઇત્યાદિ તમામનો સમાવેશ થાય છે. તે પ્રથમ પક્ષના લખાવી લેનારા.)

જોગ લી..

આ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજનો લેખ લખી આપનાર યાને વેચાણ આપનાર યાને બીજા પક્ષના :-

એમ.ડી.કોર્પોરેશન એક ભાગીદારી પેઢી ઠે. ૧૨૮,મમતાપાર્ક સોસાયટી વરાછા રોડ,સુરતના તરફે તેના **વહીવટકર્તા ભાગીદાર** તરીકે. P.A. NO:-AAZFM9356N

નામ :- નરેશકુમાર ગોરધનભાઇ તળાવીયા

ઉ.આ.વ.:- 30 વર્ષ.

જાતના :- હિન્દુ, ધંધો :- વેપાર,

રહેવાસી :- ૬,મમતાપાર્ક સોસાયટી વિ-૧,વરાછા રોડ,કાપોદ્રા,સુરતના..

ગામનું નામ:- નવાગામ	રે.સ.નં.:- ૭૩	ટી.પી.નં.:- ૭૫	ફ્લેટ નં.
દસ્તાવેજનો પ્રકાર:- વેચાણ	બ્લોક નં.:- ૭૬	ફા.પ્લોટ નં.:- ૨૮	ક્ષેત્રફળ:- ચો.મી.

(જેમને અહીંયા અને હવે પછી આ દસ્તાવેજમાં બીજા પક્ષના અને/અગર લખી આપનાર અને/અગર વેચાણ આપનારા અને/અગર અમો એ રીતે સંબોધવામાં આવેલ છે. જે શબ્દોના અર્થમાં તમો બીજા પક્ષના વેચનારા તથા તમારા વંશ, વાલી, વારસો, એક્ઝીક્યુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, એસાઇનીઝ, અધિકૃત પ્રતિનિધિઓ ઇત્યાદિ તમામનો સમાવેશ થાય છે.)

ડીસ્ટ્રીકટ સુરત જીલ્લાના કામરેજ તાલુકાના મોજે ગામ નવાગામનના **રે.સર્વે નંબર-૪૩, બ્લોક નંબર-૪૬** થી નોંધાયેલી ૩-૩૬-૬૨ ચો.મી. જમીન પૈકી જેનો **ટી.પી.નંબર-૪૫** (નવાગામ-વાવ) અને **એફ.પી.નંબર-૨૮** વાળી મિલકત કે જેનું ક્ષેત્રફળ ૧૩૮૬૬.૪૮ ચો.મી. રહેણાંક તેમજ ૩૮૯.૫૨ ચો.મી.વાણીજ્યના હેતુ માટે કુલ્લે મળીને ૧૪૨૯૩ ચો.મી. વાળી બીનખેતી ની જમીન ઉપર એમ.ડી.કોર્પોરેશન એક ભાગીદારી પેઢી દ્વારા **<u>"ઓમ પેલેસ"</u>** નામનાં પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવેલ છે. તેમા આવેલ બિલ્ડીંગો પૈકી પાસીંગ પ્લાન મુજબ **<u>"બિલ્ડીગ નં.:- બી પૈકી"</u>** જેમા આવેલ ફ્લેટો પૈકી **<u>યુ.ગ્રાઉન્ડ ફ્લોર</u>** પર આવેલ **<u>ફ્લેટ નંબરઃ- યુ.જી/૧</u>** જે સ્થળ મુજબ **<u>"બિલ્ડીગ નં.:- એ"</u>** જેમા આવેલ ફ્લેટો પૈકી **<u>પહેલા માળ</u>** પર આવેલ **<u>ફ્લેટ નંબરઃ- ૧૦૧</u>** વાળી મિલકત કે જેનું બાંધકામનું ક્ષેત્રફળ કાર્પેટ એરીયા **<u>૬૦૮.૦૦ ચો.ફુટ</u>** યાને **<u>૫૬.૫૦ ચો.મીટર</u>** તથા બિલ્ટઅપ એરીયા **<u>૮૬૬.૪૦ ચો.ફુટ</u>** યાને **<u>૮૦.૫૨ ચો.મીટર</u>** થાય છે. તેમજ સદરહુ એપાર્ટમેન્ટના ફાળે પડતા અવિભાજ્ય હિસ્સાની જમીન સહીતની મીલકત અમોએ આજરોજ તમોને અમારા કોઇપણ જાતના હક્ક અનામત રાખ્યા વગર વેચાણ થી આપેલ છે હવે પછી ઉપરોક્ત મિલકત ને આ વેચાણ દસ્તાવેજ માં સરળતા ખાતર "સદરહુ મિલકત" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે. જેને નીચે પરિશિષ્ટમાં સંપુર્ણ વિગત તથા વર્ણનથી દર્શાવવામાં આવેલ છે.

-: સદરહુ મિલકતના હમારા માલિકીપણાનાં ટાઇટલ :-

હમો બીજા પક્ષનાની માલીકીની અને પ્રત્યક્ષ કબજા, ભોગવટાની આ વેચાણ દસ્તાવેજમાં નીચે સંપૂર્ણ વિગત અને વર્ણનથી દર્શાવેલી સ્થાવર મિલકત આવેલી છે. મજકૂર હમો બીજા પક્ષના તમો પહેલા પક્ષનાને વેચાણ આપી છે તેની વિગતો નીચે મુજબ છે.

ડીસ્ટ્રીકટ સુરત જીલ્લાના કામરેજ તાલુકાના મોજે ગામ નવાગામના રેવન્યુ સર્વે નંબર : ૪૩ થી નોંધાયેલી જમીન સને : ૧૯૩૬ ના અરસા અગાઉ શ્રી ડાહ્યાભાઇ રણછોડભાઇની માલીકીની ચાલી આવેલી.

ત્યારબાદ શ્રી ડાહ્યાભાઇ રણછોડભાઇ એ સદરહુ જમીન શ્રી ગોકળભાઇ દુર્લભભાઇને તારીખ:-03/0૪/૧૯૩૬ ના રોજના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ થી તબદીલ કરેલ. જે અંગની નોંધ ગામ નમૂના નંબર : ૬ ના હક્કપત્રકમાં એન્ટ્રી નંબર : ૨૫થી તારીખ:- 0૯/0૮/૧૯૫૩ ના રોજ થયેલ. જે એન્ટ્રી ત્યારબાદ પ્રમાણિત થયેલ. આમ ત્યારથી સદરહુ જમીન ગોકળભાઇ દુર્લભભાઇ ની માલીકીની ચાલી આવેલ.

મહેરબાન જીલ્લા ઇન્સ્પેકટર સાહેબ,જમીન દફતર, સુરતના હુકમ નંબર : કે.જે.પી. એસ.આર. ૩૬/૬૧/-૬૨, તારીખ:- ૧૬/0૨/૧૯૬૨ ના આધારે સદર જમીનનું ક્ષેત્રફળમાં દુરસ્તી કરવામાં આવેલ. જેથી સદરહુ જમીનનું ક્ષેત્રફળએ.૮.૧૩ ગુંઠા થયેલ. જે અંગેની નોંધ ગામ નમુના નંબર : ૬ ના હક્કપત્રકમાં એન્ટ્રી નંબર : ૬૯૩ થી તારીખ :- 0૮/0૪/૧૯૬૨ ના રોજ થયેલ.

ત્યારબાદ સદરહુ જમીન માલીક શ્રી ગોકળભાઇ દુર્લભભાઇનું તારીખ:- 03/0૬/૧૯૭૧ ના રોજ અવસાન થવાથી તેમના કાયદેસરના સીધી લીટીના વારસદારો શ્રી ચંપકભાઇ તથા સગીર નરેશભાઇ ગોકુળભાઇ સ.વા. શમીબેન તે ગોકુળભાઇ દુર્લભભાઇની વિધવાના નામો ગામ દફતરે દાખલ કરવામાં

ગામનું નામ:- નવાગામ	રે.સ.નં.:- ૪૩	ટી.પી.નં.:- ૪૫	ફ્લેટ નં.
દસ્તાવેજનો પ્રકાર:- વેચાણ	બ્લોક નં.:- ૪૬	ફા.પ્લોટ નં.:- ૨૮	ક્ષેત્રફળ:- ચો.મી.

આવેલ. જે અંગેની નોંધ ગામ નમૂના નંબરઃ ૬ ના હક્કપત્રકમાં એન્ટ્રી નંબર ૬૯૮ થી તારીખઃ- ૧૮/0૫/૧૯૭૨ ના રોજ થયેલી જે એન્ટ્રી તારીખ ૨૫/0૭/૧૯૭૨ ના રોજ પ્રમાણિત થયેલ.

ત્યારબાદ સદરહુ જમીનને ખેતીની જમીન એકત્રીકરણ કાયદાની જોગવાઇઓ લાગ પડતા સદરહુ સર્વે નંબર : ૪૩ થી નોંધાયેલી જમીનને બ્લોક નંબર : ૪૬ આંપવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નંબર : ૬ ના હક્કપત્રકમાં એન્ટ્રી નંબર : ૭૧૨ થી તારીખઃ- ૨૨/10/૧૯૭૨ ના રોજ થયેલ. જે એન્ટ્રી તારીખઃ- ૨૩/0૨/૧૯૭૩ ના રોજ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહુ જમીન માલીકોએ મજકુર જમીનના તારણ ઉપર સાયણ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ. પાસેથી ₹. ૪,૮00/- ની લોન લીધેલી. જે અંગેની નોંધ ગામ નમૂના નંબર : ૬ ના હક્કપત્રકમાં એન્ટ્રી નંબર : ૮૩૨ થી તારીખઃ- 10/૧૨/૧૯૭૫ ના રોજ થયેલ. જે એન્ટ્રી તારીખઃ- ૨૧/0૧/૧૯૭૬ ના રોજ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહુ જમીન માલીકોએ મજકુર જમીનના તારણ ઉપર સલથાણ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ. પાસેથી ₹. ૫,000/- ની લોન લીધેલી. જે અંગેની નોંધ ગામ નમુના નંબર : ૬ ના હક્કપત્રકમાં એન્ટ્રી નંબર : 1030 થી તારીખઃ- ૨૪/0૧/૧૯૮0 ના રોજ થયેલ. જે એન્ટ્રી તારીખઃ- 13/03/૧૯૮0 ના રોજ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહુ જમીન માલીકોએ મજકુર જમીનના તારણ ઉપર નનસાડ ભરથાણ ગ્રુપ કો.ઓ. સો. પાસેથી ₹. 10,000/- ની લોન લીઘેલી. જે અંગેની નોંધ ગામ નમુના નંબર : ૬ ના હક્કપત્રકમાં એન્ટ્રી નંબર : ૧૬૫૯ થી તારીખઃ- 0૧/0૮/૧૯૮૫ ના રોજ થયેલ. જે એન્ટ્રી તારીખઃ- 0૪/0૯/૧૯૮૫ ના રોજ પ્રમાણીત થયેલ.

ગામનું નામઃ- નવાગામ	રે.સ.નં.:- ૪૩	ટી.પી.નં.:- ૪૫	ફલેટ નં.
દસ્તાવેજનો પ્રકારઃ- વેચાણ	બ્લોક નં.:- ૪૬	ફા.પ્લોટ નં.:- ૨૮	ક્ષેત્રફળઃ- ચો.મી.

ત્યારબાદ સદરહુ જમીન માલીકોએ મજકુર જમીનના તારણ ઉપર સાયણ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ. પાસેથી રૂ. ૪,૮૦૦/- ની લોન લીધેલી. જે અંગેની નોંધ ગામ નમુના નંબર : ૬ ના હક્કપત્રકમાં એન્ટ્રી નંબર : ૧૪૮૩ થી તારીખઃ- ૦૧/૦૬/૧૯૮૨ ના રોજ થયેલ. જે એન્ટ્રી પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહુ જમીન ઉપર મહેરબાન મમલતદાર સિંચાઇદર વસુલાત યુનિટ-૧/ બ્લોક નં. "અ" પાંચમો માળ, બહુમાળી મકાન, નાનપુરા, સુરતથી મોકલવામાં આવેલ સિંચાઇ દર વસુલાતનો રૂ.૬૨૪૦ /- નો બોજો દાખલ થયેલ. જે અંગેની નોંધ ગામ નમૂના નંબર : ૬ ના હક્કપત્રકમાં એન્ટ્રી નંબર : ૨૬૩૧ થી તારીખઃ- ૧૦/૧૧/૧૯૯૬ ના રોજ થયેલ. જે એન્ટ્રી તારીખઃ- ૨૦/૧૨/૧૯૯૬ ના રોજ પ્રમાણીત થયેલ.

સદરહુ જમીન માલીકો ચંપકભાઇ ગોકુળભાઇ તથા નરેશભાઇ ગોકુળભાઇ સગીરવયના ચાલી આવેલા હોય, જેઓના શાળા છોડયા અંગેના પ્રમાણપત્ર ની નકલ રજુ કરવાથી તેઓ પુખ્તવયના થતા તેઓને સગીર મુક્ત કરી તેઓના વાલી તરીકે ચાલતુ શમીબેન તે ગોકુળભાઇ દુર્લભભાઇની વિધવાનુ નામ કમી કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમૂના નંબર : ૬ ના હક્કપત્રકમાં એન્ટ્રી નંબર : ૬૯૩૮ થી તારીખઃ- ૩૧/૦૧/૨૦૧૫ ના રોજ થયેલ. જે એન્ટ્રી તારીખઃ- ૦૬/૦૪/૨૦૧૫ ના રોજ પ્રમાણીત થયેલ.

સદરહુ જમીન ઉપર ચાલી આવેલ તમામ પ્રકારના બોજાઓની રકમો જમીન માલીકો ધ્વારા ભરપાઇકરવામાં આવતા તે અંગેના બોજા મુકિતની નોંધ રેવન્યુ દફતર કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમૂના નંબર : ૬ ના હક્કપત્રકમાં એન્ટ્રી નંબર : ૬૯૫૬ થી તારીખઃ- ૦૯/૦૪/૨૦૧૫ ના રોજ થયેલ. જે એન્ટ્રી તારીખઃ- ૦૪/૦૬/૨૦૧૫ના રોજ પ્રમાણીત થયેલ.

સદરહુ જમીનને ટી.પી.સ્કીમની જોગવાઇઓ લાગુ પડતા સદર રેવન્યુ સર્વે નંબર : ૪૩, બ્લોક નંબર: ૪૬ વાળી જમીનને ડ્રાફટ ટી.પી.સ્કીમ નંબર : ૪૫ (નવાગામ-વાવ), ફાયનલ પ્લોટ નંબર : ૨૭ કે જેન ફા.પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૬૫૬૨.૦૦ ચો.મી. તથા ફાઇનલ પ્લોટ નંબર ૨૮ કે જેનુ ફા.પ્લોટ મુજબ નુ ક્ષેત્રફળ ૧૪૨૬૩.૦૦ ચો.મી.ફાળવવામા આવેલ.

સદરહુ ખેતીની જમીન અંગે મેં નાયબ કલેકટરશ્રી, કામરેજ પ્રાંત, જીલ્લા : સુરતના હુકમ નંબર : એડીએમ/ સુધારો/ રજી. ૪૭/૨૦૧૫/ વશી ૧૪૫૦, તારીખ :- ૧૨/૧૦/૨૦૧૫ થી સદર બ્લોક નંબર :૪૬ વાળી જમીનના ક્ષેત્રફળ હે. ૩-૪૭-૨૪ ચો.મી. ને બદલે હે. ૩-૩૭-૬૨ ચો.મી. નો સુધારો કરવાનો હુકમથયેલ. જે અંગેની નોંધ ગામ નમુના નંબર : ૬ ના હકકપત્રકમાં એન્ટ્રી નંબર : ૭૦૬૬ થી તારીખ:- ૧૭/૧૦/૨૦૧૫ના રોજ થયેલ. જે એન્ટ્રી તારીખ:- ૧૬/૧૨/૨૦૧૫ ના રોજ પ્રમાણિત થયેલ.

ત્યારબાદ મહેરબાન કલેકટરશ્રી, સુરતના હુકમ ક્રમાંક નં. : એ/ બખપ/ રી.એસ.આર. નં.૭૫૬/૧૬/આઇડી નં.૨૬૪૪૬/વશી/૨૦૨૯ થી ૨૦૪૧/ ૧૬ તારીખ:- ૦૫/૦૫/૨૦૧૬ થી સદરહુ બ્લોક નં. ૪૬ થી નોંધાયેલી હે.૩-૩૭-૬૨ ચોરસમીટર જમીન પૈકી ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.-૪૫(નવાગામ-વાવ) ફા.પ્લોટ નં.૨૮ વાળી ૧૪૨૬૩.૦૦ ચોરસમીટર જમીનમાં બિનખેતીનું કૃત્ય કરવા માટેની પરવાનગી આપવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નંબર : ૬ ના હકકપત્રકમાં એન્ટ્રી નંબર : ૭૨૧૪ થી તારીખ:- ૧૬/૦૬/૨૦૧૬ ન રોજ થયેલ. જે એન્ટ્રી તારીખ:- ૦૮/૦૮/૨૦૧૬ ના રોજ પ્રમાણિત થયેલ. આમ સદરહુ જમીન ચંપકભાઇ ગોકળભાઇ તથા નરશભાઇ ગોકળભાઇ માલીક, મુખત્યાર, પ્રત્યક્ષ કબજેદાર,ભોગવટેદાર, વહીવટદાર ચાલી આવેલા.

ગામનું નામ:- નવાગામ	રે.સ.નં.:- ૪૩	ટી.પી.નં.:- ૪૫	ફ્લેટ નં.
દસ્તાવેજનો પ્રકાર:- વેચાણ	બ્લોક નં.:- ૪૬	ફા.પ્લોટ નં.:- ૨૮	ક્ષેત્રફળ:- ચો.મી.

ત્યારબાદ ફર્મો યાને એમ.ડી.કોર્પોરેશન નામની ભાગીદારી પેઢી એ ચંપકભાઇ ગોકુળભાઇ તથા નરેશભાઇ ગોકુળભાઇ પાસેથી પુરેપુરા વેચાણ અવેજ ચૂકવી વેચાણ રાખેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મે.કામરેજનાં સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં.૨૧૬૮૫ થી તા.૨૦/૦૯/૨૦૧૬ ના રોજ નોંધાયેલ છે. ત્યારથી ફર્મો યાને એમ. ડી. કોર્પોરેશન એક ભાગીદારી પેઢી સદરહું મિલકતના માલીક, મુખત્યાર, કબજેદાર,વહીવટદાર છીએ.

ત્યારબાદ ફર્મો યાને એમ. ડી. કોર્પોરેશન નામની ભાગીદારી પેઢી દ્વારા સદરહું મિલકત ઉપર લો રાઇઝ બિલ્ડીંગનું આયોજન કરવામા આવ્યુ. જેને **"ઓમ પેલેસ"** નાં નામથી ઓળખવામા આવે છે. મજકૂર **"ઓમ પેલેસ"** માં આવેલા હરકોઇ એપાર્ટમેન્ટમાં આવેલા ફ્લેટ તથા દૂકાનો નો તમામ પ્રકારનો વહીવટ, વ્યવસ્થા, વેચાણ આદિ કરવાનો એમ.ડી.કોર્પોરેશન ભાગીદારી પેઢી નો હક્ક અને અધિકાર ચાલ્યો આવેલ.તે હક્ક અને અધિકારની રૂએ મજકુર **"ઓમ પેલેસ"** માં આવેલ બિલ્ડીંગો પૈકી પાસીંગ પ્લાન મુજબ **"બિલ્ડીગ નં.:- બી પૈકી"** જેમા આવેલ ફ્લેટો પૈકી **ગ્રાઉન્ડ ફ્લોર** પર આવલ **ફ્લેટ નંબરઃ- ગ્રુ.જી/૧** જે સ્થળ મુજબ **"બિલ્ડીગ નં.:- એ"** જેમા આવેલ ફ્લેટો પૈકી **પહેલા માળ** પર આવેલ **ફ્લેટ નંબરઃ- ૧૦૧** વાળી મિલકત તથા ફ્લેટના ક્ષેત્રફળના પ્રમાણસરની જમીનમાં વણવહેંચાયેલ હિસ્સાની જમીન કે જેનું વિગતે વર્ણન નીચે પરિશિષ્ટમાં વેચાણ આપેલ મિલકતની વિગતમાં કરવામાં આવ્યુ છે.જે મિલકત નીચેની શરતોએ વેચાણ આપેલ છે.

મજકૂર **"ઓમ પેલેસ"** નામથી ઓળખાતી મિલકતમાં અલગ-અલગ એવી બિલ્ડીંગાનું બાંધકામ કરવામાં આવેલ છે. તે દરેક બિલ્ડીંગમાં સ્થળ મુજબ અલગ-અલગ ફ્લેટસ તથા દૂકાનો ગ્રાઉન્ડ ફ્લોર, પ્રથમ માળ,બીજો માળ, ત્રીજો માળ,ચોથો માળ તથા પાંચમો માળ આવેલા છે. મજકૂર દરેક બિલ્ડીંગમાં રાસુકી સુવિધાઓ જેવી કે કોમન પેસેજીસ,સેનેટરી બ્લોક તેમજ પાર્કિંગની

જગ્યા પણ આવેલી છે. પીવાના પાણી તેમજ અન્ય વપરાશના પાણી અંગે બોરીંગ કરવામાં આવેલું છે અને તેનાં ઉપર સબમર્શીબલપંપ મુકવામાં આવેલ છે તે મારફતે પાણી ઓવરહેડ વોટર ટેન્કમાં ચઢાવવામાં આવે છે અને તેમાંથી દરેક ફ્લેટોમાં પાણી મળી શકે તેવી સગવડ આપવામાં આવેલ છે.

તમો પહેલા પક્ષના મજકુર ઇમારતને લગતો સપોર્ટ પાયાના બાંધકામ તેમજ આર.સી.સી. બાંધકામ, રાસુકી બાંધકામ, રાસુકી સહિયારા પેસેજ, દાદર, અગાસી અને અન્ય રાસુકી સુવિધાઓ વપરાશના હક્કો સાથે આ દસ્તાવેજથી સહિયારા માલિક થયા છો અને એપાર્ટમેન્ટમાં આવેલી રાસુકી સુવિધાઓની જાળવણી વિજળી ખર્ચ યા અન્ય ખર્ચાઓ તમો પહેલા પક્ષનાઓ યા ગૃહમાલિકો જોડે જે નક્કી થાય તે મુજબ ભોગવવાનો રહેશે તેમજ જો ભવિષ્યમાં મિલકતનાં સહમાલિકો જો કોઇ સોસાયટી,સંઘ કે એસોસિએશન બનાવે તેમાં તમોએ ફરજીયાત સભ્ય થવાનું રહેશે અને તેઓ જે નિયમ બનાવે તે નિયમો અને ગુજરાત ઓનરશીપ ઓફ ફ્લેટસના કાયદાના નિયમો બંધનકર્તા રહેશે.

તમો નીચે જણાવેલ વિગતનો ફ્લેટ માલિકી હક્ક વેચાણ કરેલો હોવાથી આ દસ્તાવેજમાં સ્પષ્ટપણે જણાવેલી નહિ એવાં ભવિષ્યના મુદ્દા ઉપસ્થિત થાય તો ગુજરાત ઓનરશીપ ઓફ ફ્લેટસ એક્ટ અગર પ્રવર્તમાન કાયદાની જોગવાઇ મુજબ નિકાલ કરવાનો રહેશે. તમો પહેલા પક્ષનાને માલિકી ધોરણે ધારણકર્તા ઇસમ તરીકેના માલિક હક્કો આ દસ્તાવેજથી નીચે જણાવેલી વિગતના ફ્લેટ સાથે હમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલા છે. હમો બીજા પક્ષનાએ મંજૂર થયેલ પ્લાન મુજબ બાંધેલા વર્કિંગ ડ્રોઇંગ મુજબ જે દસ્તાવેજમાં જણાવ્યા મુજબ વેચાણ આપેલ મિલકતના વિગત અને વર્ણન સહિતનો તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ છે.

ગામનું નામ:- નવાગામ	રે.સ.નં.:- ૮૩	ટી.પી.નં.:- ૮૫	ફ્લેટ નં.
દસ્તાવેજનો પ્રકાર:- વેચાણ	બ્લોક નં.:- ૮૬	ફા.પ્લોટ નં.:- ૨૮	ક્ષેત્રફળ:- ચો.મી.

મજકૂર **"ઓમ પેલેસ"** ના તમોને વેચાણ આપેલ ફ્લેટવાળા બિલ્ડીંગમા આવેલ દાદર,પેસેજ અને અગાશીના તમોને અન્ય ફ્લેટના માલિકો સાથે રસુકા વપરાશ કરવાનો હક્ક આપવામાં આવે છે. મજકૂર દાદર,પેસેજ કે અગાશીના તમોએ કે તમો થકી કોઇએ પણ કાયમી હક્ક કરવાનો નથી કે અન્ય ફ્લેટ ધારણકર્તાઓએ અંતરાય કે અડચણરૂપ થાય તે રીતે દાદર,પેસેજમાં માલ-સામાન મુકવાનો નથી કે વધારાનું કોઇ બાંધકામ કરીને રોકાણ કરવાનું નથી.

મજકૂર તમોને વેચાણ આપેલ ફ્લેટના બાંધકામમાં તમો પહેલા પક્ષવાળાએ સમગ્ર એપાર્ટમેન્ટમાં આવેલ આર.સી.સી.,બીમ,કોલમ કે તેને લગતાં બાંધકામમાં કોઇપણ પ્રકારના સુધારા-વધારા કે તોડફોડ કરવાની નથી તથા ઇમારતમાં આવેલા કોમન દાદર,પેસેજમાંથી કોઇપણ પ્રકારનું વધારાનું બાંધકામ કે પ્રોજેક્શન કાઢવાનુ નથી અને તેમ જો પહેલા પક્ષના કરે અને તેને કારણે એપાર્ટમેન્ટને કોઇપણ પ્રકારનું નુકશાન થાય તો તે નુકશાન ભરપાઇ કરવાની જવાબદારી તમો પહેલા પક્ષનાની રહેશે.

ઉપરની હકિકતમાં આથી તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલી મિલકતમાં હમો બીજા પક્ષના સિવાય અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ,હિસ્સો,હક્ક,હિત,માલિકીપણું કે કબજો વિગેરે નહોતા કે નથી અને તે વેચાણ આપવાનો હમો બીજા પક્ષનાને સંપુણ હક્ક અને અધિકાર છે અને વહિવટ વિગેરે પણ હમો બીજા પક્ષના માલિક તરીકે કરતા આવેલા અને સદરહૂ નીચે શીડયુલમાં જણાવેલ મિલકત પહેલા પક્ષનાએ વેચાણ આપવાનો બીજા પક્ષનાને અધિકાર હોઇ સદરહુ મિલકત ઉપર જણાવેલ અવેજ બદલ તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ છે અને તમો પહેલા પક્ષના તથા વંશ,વાલી,વારસોને આ દસ્તાવેજની રૂએ સ્વતંત્ર અને સંપુણ માલિક, મુખત્યાર અને કબજેદાર બનાવ્યા છે સહિ અને સદરહુ મિલકતનો પ્રત્યક્ષ તાળાબંધી કબજો હમો બીજા

ગામનું નામ:- નવાગામ	રે.સ.નં.:- ૮૩	ટી.પી.નં.:- ૮૫	ફ્લેટ નં.
દસ્તાવેજનો પ્રકાર:- વેચાણ	બ્લોક નં.:- ૮૬	ફા.પ્લોટ નં.:- ૨૮	ક્ષેત્રફળ:- ચો.મી.

પક્ષનાએ તમો પહેલા પક્ષનાને આજરોજ માલિક બનાવી સુપ્રત કરી દીધો છે સહિ અને તેનો પ્રત્યક્ષ કબજો માલિક તરીકે તમો પહેલા પક્ષનાનો થયો છે સહિ.

તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલી મિલકતમાં હમો બીજા પક્ષના સિવાય અન્ય પક્ષના કોઇ પણ પ્રકારના હક્ક,હિસ્સા,લાગભાગ, માલિકીપણું વિગેરે ન હતા કે નથી અને તે વેચાણ આપવાનો હમો બીજા પક્ષનાને હક્ક અને અધિકાર છે. એવો તમો પહેલા પક્ષનાને પાકો વિશ્વાસ અને ભરોસો આપી મજકુર મિલકત હમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને વેચાણ આપી છે અને હમો બીજા પક્ષનાના મજકુર ભરોસો અને વિશ્વાસ ઉપર આધાર રાખી તમો પહેલા પક્ષનાએ સદરહુ મિલકતના વેચાણ અવેજના આ લેખમાં જણાવેલાં નાણાં આ દસ્તાવેજમાં જણાવેલી વિગત તમો પહેલા પક્ષનાએ હમો બીજા પક્ષનાને ચુકવી આપી મજકુર મિલકત વેચાણ લીધી છે.

આથી તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલા મિલકત યા તેનો કોઇપણ ભાગ હમો બીજા પક્ષના યા હમો તરફે કોઇપણ શખ્સે અન્ય કોઇને ગીરો, વેચાણ, બક્ષીશ, ભાડેથી આપેલ નથી કે તેની ઉપર અન્ય કોઇના કોઇપણ પ્રકારના ચાર્જ, બોજા, લીયન, ખોરાકી-પોશાકી,રહેઠાણ કે પાણી નિકાલનો કે અન્ય કોઇપણ પ્રકારના ઇઝમેન્ટના હક્ક કે બોજા નથી તેમજ કોર્ટ, દરબારની જપ્તી, ટાંચ,મનાઇ કે અવલજપ્તીમાં નથી કે ટ્રસ્ટમાં નથી કે જામીનગીરીમાં આપેલ નથી કે એકવીઝીશનમાં કે એલાઇમેન્ટમાં નથી કે તે અંગેની કોઇપણ જાતની નોટીસ હમોને મળેલ નથી. તેમજ તમો પહેલા પક્ષના સિવાય અન્ય કોઇને સદરહુ મિલકત વેચાણ આપવાનો હમો બીજા પક્ષનાએ લેખિત કે મૌખિક કરાર કર્યો નથી.સબબ,સદરહુ આથી તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલી મિલકત જમીન નકરજી, નબોજી, નદાવી,નજોખમી ચોખ્ખા માર્કેટેબલ ટાઇટલવાળી છે એમ જણાવી તથા ભરોસો આપીને હમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને વેચાણ આપી છે.

સદરહુ નીચે જણાવેલ મિલકત આ વેચાણ દસ્તાવેજથી તમાં જણાવેલ શરતોને આધિન તમો પહેલા પક્ષનાને વેચાણ આપી છે અને તેમાં તમો પહેલા પક્ષના વસો,વસાવો,બક્ષિશ,વેચાણ,

ગામનું નામઃ- નવાગામ	રે.સ.નં.:- ૬૩	ટી.પી.નં.:- ૬૫	ફ્લેટ નં.
દસ્તાવેજનો પ્રકારઃ- વેચાણ	બ્લોક નં.:- ૬૯	ફા.પ્લોટ નં.:- ૨૮	ક્ષેત્રફળઃ- ચો.મી.

ગીરો આપો અગર ભાડે આપો અગર તમારૂ દિલ ચાહે તે રીતે તેનો વહિવટ, વ્યવસ્થા, ઉપયોગ, ઉપભોગ વિગેરે કરવા તમો પહેલા પક્ષના તથા તમારા વંશ, વાલી, વારસો સંપુર્ણ માલિક, મુખત્યાર અને કબજેદાર બન્યાં છો સહિ અને તે વિરૂધ્ધ હમો બીજા પક્ષનાની કોઇ તકરાર-તકરાર કે હરકત કે દખલ ચાલે નહિ અને કરીએ તો રદબાતલ થાય સહિ.

તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલી નીચે શીડયુલમાં જણાવેલ ફલેટની તળની જમીન હમો બીજા પક્ષનાના નામે સરકારી દફતરે, સરકારી તથા અર્ધસરકારી દફતરે તથા રેવન્યુ દફતરે ચાલે છે. તે તમોને શીડયુલમાં જણાવેલ મિલકત પુરતું હમો બીજા પક્ષનાનું નામ કમી કરાવી તમો પહેલા પક્ષના તમારા નામે કરાવી લેવા હક્કદાર છો અને તેમાં જોઇતી સહિ, સંમતિ, કબુલાત, ડેકલેરેશન, જવાબ, એફિડેવીટ વિગેરે હમો બીજા પક્ષના તમો પહેલા પક્ષનાને જરૂરિયાત મુજબ આપવાના છે અને આ દસ્તાવેજના આધારે પણ સદરહુ મિલકત તમો તમારા નામે માલિક તરીકે દાખલ કરાવવા માટે હક્કદાર થયા છો સહિ.

તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલી મિલકતના હવે પછીના સરકારી તથા અર્ધસરકારી તમામ વેરા તથા શિક્ષણવેરાના નાણાં તમો પહેલા પક્ષનાએ માલિકી હકકે ભરવાના રહેશે. જ્યાં સુધી મજકુર ઓમ પેલેસ નો વહિવટ કરવા માટે કોઇ સોસાયટીનું આયોજન ન થાય ત્યાં સુધી માસિક મનટેનન્સ ચાર્જની હમો બીજા પક્ષના જે રકમ નક્કી કરીએ તે તમો પહેલા પક્ષનાએ હમો બીજા પક્ષનાને આપવાની રહેશે.

સદરહુ વેચાણ આપેલ ફલેટ ઉપર કોઇના કોઇપણ પકારના ઇંકમ્બરન્સના હક્કો નથી. સદરહુ બાંધકામ મંજુર થયેલ પ્લાન મુજબનું છે એટલે આ વેચાણ દસ્તાવેજ થયા બાદ પહેલા પક્ષના ફલેટમાં કોઇપણ પ્રકારના સ્થાયી ફેરફાર કરાવે અને તેના કારણે સરકારી તથા અર્ધ સરકારી દફતર તરફે કોઇપણ પ્રકારની કાર્યવાહી થાય તો તેની જવાબદારી તમો પહેલા પક્ષનાના રહેશે. પહેલા પક્ષવાળાએ સદરહુ ફલેટમાં દર્શનના ભાગમાં યાને બિલ્ડીંગના બાહ્ય એલીવેશનમાં કોઇપણ

ગામનું નામ:- નવાગામ	રે.સ.નં.:- ૮૩	ટી.પી.નં.:- ૮૫	ફ્લેટ નં.
દસ્તાવેજનો પ્રકાર:- વેચાણ	બ્લોક નં.:- ૮૫	ફા.પ્લોટ નં.:- ૨૮	ક્ષેત્રફળ:- ચો.મી.

પ્રકારના ફેરફાર કરવા-કરાવવાના નથી કે દેખાવમા.ફેરફાર થાય તેવી કોઇપણ ચીજ-વસ્તુઓ મુકવાની નથી કે કોમ્પલેક્ષનું નામ **ઓમ પેલેસ** આપ્યુ છે તેમાં કોઇપણ જાતનો ફેરફાર કરવાના નથી.

સદરહુ ઓમ પેલેસ માં આવેલ તમામ બિલ્ડીંગોની બહારની ચારે તરફની દિવાલો તમામ ફલેટ હોલ્ડરોની સહિયારી સહમાલિકીની ગણાશે. તેનો રંગ.રોગાન તથા જાળવણી અંગેનો તમામ ખર્ચ ફલેટ હોલ્ડરોએ સરખે ભાગે ભોગવવાનો રહેશે.

અમો વેચાણ આપનાર યાને બીજા પક્ષનાએ સદરહુ મીલકતમાં નક્કી થયા મુજબ બાંધકામ કરી સદરહુ મીલકતનો પ્રત્યક્ષ કબજો તમો પહેલા પક્ષનાને સુપરત કરેલ છે. મજકુર મીલકત અંગે કોઇ પ્રકારની બાંધકામ કે તેને સંલગ્ન કોઇ કામગીરી બાકી નથી, તેમજ મજકુર બાંધકામ કે તેને સંલગ્ન તમામ કામગીરી બાબતે તમો વેચાણ રાખનારને સંપુર્ણ સંતોષ થયેલ છે. અને સદરહુ મીલકત તથા તેને આનુષંગીક તમામ બાબતોનું તથા સ્ટ્રક્ચરલ મજબુતી બાબતોનું તમોએ જાતે તથા તે બાબતોના નીષ્ણાંત જાણકારી ધરાવનારા પાસે તપાસ કરી કરાવીને, ખાતરી કરી કરાવીને જોઇ તપાસીને સદરહુ મીલકતનો કબજો રાજીખુશીથી સંપુર્ણ જાણકારીમાં તથા સાવધ અવસ્થામાં અમો બીજા પક્ષના કનેથી સ્વીકારેલ છે, આમ નક્કી થયા મુજબની તમામ કામગીરી તમામ પ્રકારે અમો બીજા પક્ષના તરફેથી સંપુર્ણ રીતે પરીપુર્ણ થયેલી છે. તેમજ બાંધકામ તથા તેના વપરાશમાં લેવામાં આવેલ તમામ માલસામાન, સામગ્રી, ફિટીંગ્સ, ફિક્ચર્સ વિગેરે યોગ્ય ગુણવતા વાળા છે. અને તે બાબતે તથા સ્ટ્રક્ચરલ મજબુતી બાબતે તથા અન્ય તમામ બાબતે ખરીદનાર યાને પહેલા પક્ષનાએ કોઇપણ પ્રકારની ફરીયાદ કે તકરાર બીજા પક્ષના સામે નથી. તેમજ હવે પછી ભવિષ્યમાં પણ પહેલા પક્ષનાએ તે બાબતે કોઇ ફરીયાદ કે તકરાર કરવા કરાવવાની નથી, તેવી આ દસ્તાવેજથી પહેલા પક્ષનાએ વેચનારને ખાતરી આપેલ છે. તે છતાં ખરીદનારા આવી કોઇ ફરીયાદ કરે કરાવે તો તે આ લેખની રૂએ રદબાતલ થાય સહી.

ગામનું નામઃ- નવાગામ	રે.સ.નં.:- ૮૩	ટી.પી.નં.:- ૮૫	ફ્લેટ નં.
દસ્તાવેજનો પ્રકારઃ- વેચાણ	બ્લોક નં.:- ૮૬	ફા.પ્લોટ નં.:- ૨૮	ક્ષેત્રફળઃ- ચો.મી.

આજદીન બાદ કુદરતી આપતીઓ જેવી કે ધરતીકંપ કે વરસાદના પુર, આગ, વાવાઝોડું વિગેરે તથા **માનવસર્જીત** આપતીઓ જેવી કે રમખાણો, તોફાનો, આંતકવાદ વિગેરેને કારણે તથા તમારા કારણે બાંધકામને નુકશાન થાય કે કોઇપણ રીતે બિલ્ડીંગમાં ક્ષતી સર્જાય તો તેની સંપુર્ણ જવાબદારી જે તે ફ્લેટ હોલ્ડરની રહેશે, તથા તે અંગેની અમો બીજા પક્ષનાની પ્રત્યક્ષ કે પરોક્ષ કોઇપણ રીતે કોઇપણ પ્રકારની આર્થીક, ટેકનીકલ કે કાયદાકીય જવાબદારી રહેશે નહી અને ગણાશે નહી તે બાબતની આપણે બંને પક્ષકારો વચ્ચે ખાસ ચોખવટ થયેલ છે.

નીચે શીડયુલમાં જણાવેલ મિલકત સહિત ફાળે પડતી વગર વહેંચાયેલા હિસ્સાની જમીન પણ તમો પહેલા પક્ષનાને વેચાણ આપવામાં આવી છે તે વગર વહેંચાયેલા હિસ્સાની જમીનની ફળકુદથી વહેંચણ કરવાની માંગણી તમો પહેલા પક્ષનાએ કદી કરવાની નથી અને સદરહુ વગર વહેંચાયેલી જમીનનો **પરોક્ષ** કબજો આજરોજ તમો પહેલા પક્ષનાને સુપ્રત કર્યો છે.

સદરહું વેચાણ આપેલ ફલેટવાળી મિલકતના તમામ હકકો તથા મુળ હકકો સહિત અમો બીજા પક્ષનાએ તમો પ્રથમ પક્ષનાને વેચાણ અવેજ **₹ ૧૧,૬૮,૦૦૦/- અંકે રૂપિયા અગીયાર લાખ અળસંઠ હજાર પુરા** ના કિંમતી અવેજથી વેચાણ આપવામાં આવેલ છે. મજકુર વેચાણ અવેજના નાણાં તમો **પ્રથમ** પક્ષનાએ અમો બીજાપક્ષનાને નીચેની વિગતે ચુકવી આપેલ છે.

-: બીજા પક્ષનાને ચુકવેલ અવેજની વિગત :-

રકમ ₹	તારીખ	ચેક/ડ્રાફટ નંબર	વિગત

ગામનું નામઃ- નવાગામ	રે.સ.નં.:- ૮૩	ટી.પી.નં.:- ૮૫	ફ્લેટ નં.
દસ્તાવેજનો પ્રકારઃ- વેચાણ	બ્લોક નં.:- ૮૬	ફા.પ્લોટ નં.:- ૨૮	ક્ષેત્રફળ:- ચો.મી.

આ રીતે વેચાણ અવેજના પુરેપુરા નાણા **₹ ૧૧,૬૮,૦૦૦/- અંકે રૂપિયા અગાયાર લાખ અળસંઠ હજાર પુરા** પહેલા પક્ષનાએ હમો બીજા પક્ષનાને ચુકવી આપેલા છે. જેની મજકુર બીજા પક્ષના આથી પહોંચ સ્વીકારે છે. જેથી સદરહુ અવેજ નહી મળ્યાની કે ઓછો મળ્યાની તર-તકરાર મજકૂરના બીજા પક્ષનાએ કરવા કરાવવાની નથી. અને જો કરવા કરાવવામાં આવે તો આ વેચાણ દસ્તાવેજની રૂએ રદ બાતલ થાય સહી.

સદરહુ મિલકત અંગે તમો પહેલા પક્ષનાએ ટાઇટલની ચકાસણી કરી લીધેલ છે અને જરૂરી કાગળો, દસ્તાવેજો વિગેરેની નકલ તમો પહેલા પક્ષનાને આપી દીધેલ છે. ક્ષેત્રફળની ચકાસણી પણ તમોએ કરી લીધેલ છે. સદરહુ બિલ્ડીંગની જમીનના પ્રમાણમાં ભવિષ્યમાં કાયદાનુસાર વધુ એફ.એસ.આઇ પ્રાપ્ત થઇ શકે તો તે અનુસાર સદરહુ બિલ્ડીંગ ઉપર નવું બાંધકામ કરવાનો હમો બીજા પક્ષનાનો કાયમ રાખેલો છે અને તે વિરૂધ્ધ તમો પહેલા પક્ષનાની કે તમો પાસેથી ભવિષ્યમાં તબદીલીથી લેનારની કોઇ તકરાર કે વાંધો ચાલે નહિ અને કરે તો તે રદબાતલ થાય સહિ. તે સ્પષ્ટ શરતથી નીચે સીડયુલમા જણાવેલ મિલકત તમોને વેચાણ આપેલી છે.

આ વેચાણ દસ્તાવેજમાં તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ડયુટી, નોંધણી ફી, લખાણ ફી, વકીલ ફી, ટાઇપીંગ ખર્ચ તથા અન્ય પરચુરણ ખર્ચો તમો પહેલા પક્ષનાએ ભોગવેલ છે અને ભવિષ્યમાં કોઇ ખુટતી સ્ટેમ્પ ડયુટી યા પેનલ્ટી ભરવાની આવેતો તે તમો પહેલા પક્ષનાને ભરવાની રહેશે અને તે અંગે હમો બીજા પક્ષનાની કોઇ જવાબદારી રાખવામાં આવી નથી.

સદરહુ વેચાણ દસ્તાવેજ સાથે એક્ટ અન્વયે ફોર્મ નં. ૧ તથા ઇનપુટ શીટ તથા અન્ય જરૂરી કાગળો આ સાથે રજુ કરેલાં છે.

સદરહુ તમોને વેચાણ આપેલ મિલકત **₹ ૧૧,૬૮,૦૦૦/- અંકે રૂપિયા અગીયાર લાખ અળસંઠ હજાર પુરા** માં વેચાણ આપી છે, જેથી તેના ઉપર હાલના પ્રવર્તમાન દર અનુસાર સ્ટેમ્પ પેપર ઉપર આ વેચાણ દસ્તાવેજ કર્યો છે.

ગામનું નામઃ- નવાગામ	રે.સ.નં.:- ૬૩	ટી.પી.નં.:- ૬૫	ફ્લેટ નં.
દસ્તાવેજનો પ્રકારઃ- વેચાણ	બ્લોક નં.:- ૬૫	ફા.પ્લોટ નં.:- ૨૮	ક્ષેત્રફળ:- ચો.મી.

: : : શીડયુલ : : :

-: : વેચાણ આપેલ મિલકતનું વિગતે વર્ણન : :-

ડીસ્ટ્રીક્ટ સુરત જીલ્લાના કામરેજ તાલુકાના મોજે ગામ નવાગામનના **રે.સર્વે નંબર-૪૩, બ્લાક નંબર-૪૬** થી નોંધાયેલી ૩-૩૬-૭૨ ચો.મી. જમીન પૈકી જેનો **ટી.પી.નંબર-૪૫** (નવાગામ-વાવ) અને **એફ.પી.નંબર-૨૮** વાળી મિલકત કે જેનું ક્ષેત્રફળ ૧૩૮૭૬.૪૮ ચો.મી. રહેણાંક તેમજ ૩૮૬.૫૨ ચો.મી.વાણીજ્યના હેતુ માટે કુલ્લે મળીને ૧૪૨૬૩ ચો.મી. વાળી બીનખેતી ની જમીન ઉપર એમ.ડી.કોર્પોરેશન એક ભાગીદારી પેઢી દ્વારા **"ઓમ પેલેસ"** નામનાં પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવેલ છે. તેમા આવેલ બિલ્ડીંગો પૈકી પાસીંગ પ્લાન મુજબ **"બિલ્ડીંગ નં.:- બી પૈકી"** જેમા આવેલ ફ્લેટો પૈકી **યુ.ગ્રાઉન્ડ ફ્લોર** પર આવેલ **ફ્લેટ નંબર:- યુ.જી/૧** જે સ્થળ મુજબ **"બિલ્ડીંગ નં.:- એ"** જેમા આવેલ ફલેટો પૈકી **પહેલા માળ** પર આવેલ **ફ્લેટ નંબર:- ૧૦૧** વાળી મિલકત કે જેનું બાંધકામનું ક્ષત્રફળ કાર્પેટ એરીયા **૬૦૮.૦૦ ચો.ફુટ** યાને **૫૬.૫૦ ચો.મીટર** તથા બિલ્ટઅપ એરીયા **૮૬૬.૪૦ ચો.ફુટ** યાને **૮૦.૫૨ ચો.મીટર** થાય છે.ક્ષત્રફળ ધરાવતી રહેણાંક તથા વાણીજ્ય ના હેતુ ની માટેની ફ્લેટ વાળી મિલકત તથા એપાર્ટમેન્ટ ની તળની જમીન માં અન્ય ફ્લેટ હોલ્ડર્સ સાથે વણવહેચાયેલા સપ્રમાણમાં હીસ્સા સહીતની મિલકત તેમજ રોડ-રસ્તા અને સી.ઓ.પી ની કુલ્લે જમીનમાં વણવહેચાયેલા પ્રમાણસરના હીસ્સા સહીતની ફ્લેટવાળી તથા એપાર્ટમેન્ટ મા આવેલ પાર્કીગ, દાદર, પેસેજ, ઓવર હેડ ટેન્ક, ડ્રેનેજ, બોરીગ તથા ટેરેસ યાને અગાસી વિગેરેના રાસુકા વપરાશના હકકો સહીતની ફ્લેટવાળી મિલકત કે જેની સ્થળ મુજબની ચર્તુસીમા નીચે મુજબ છે.

પુર્વે :-	પશ્ચિમે :-

ઉત્તરે :-	દક્ષિણે :-

ગામનું નામ:- નવાગામ	રે.સ.નં.:- ૪૩	ટી.પી.નં.:- ૪૫	ફ્લેટ નં.
દસ્તાવેજનો પ્રકાર:- વેચાણ	બ્લોક નં.:- ૪૬	ફા.પ્લોટ નં.:- ૨૮	ક્ષેત્રફળ:- ચો.મી.

એવી વિગતનો આ વેચાણ દસ્તાવેજ હમોએ તમોને સંપુર્ણપણે સાવધ અવસ્થામાં, કોઇપણ વ્યક્તિની ધાક-ધમકી વિના કે દાબ-દબાણને વશ થયા વિના, બિનકેફી હાલતમાં, અક્કલ હોંશિયારીથી, શુધ્ધબુધ્ધીથી, રાજીખુશીથી વાંચી, વંચાવી, સમજી, વિચારીને,તનમનની સાવધ, સ્વસ્થ અને તંદુરસ્ત અવસ્થામાં સામાન્ય માણસ સામાન્ય પરીસ્થિતિમાં જે રીતે વર્ણન કરે તે રીતે સભાન વર્તન કરીને મુક્ત સંમતિથી લખી આપેલ છે જે હમોને તથા હમારા વંશ, વાલી, વારસો, એક્ઝીક્યુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, એસાઇનીઝ, અધિકૃત પ્રતિનિધિઓ ઇત્યાદિ તમામને સંપુર્ણપણે મંજુર, કબુલ અને બંધનકર્તા છે અને રહેશે સહિ.

અત્ર .... મતુ તત્ર.................................. શાખ

<u>મે.એમ.ડી.કોર્પોરેશન એક ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદાર</u>

૧......................................
(નરેશકુમાર ગોરધનભાઇ તળાવીયા)

૧ ....

૨ ....

ગામનું નામઃ- નવાગામ	રે.સ.નં.:- ૮૩	ટી.પી.નં.:- ૮૫	ફ્લેટ નં.
દસ્તાવેજનો પ્રકારઃ- વેચાણ	બ્લોક નં.:- ૮૬	ફા.પ્લોટ નં.:- ૨૮	ક્ષેત્રફળ:- ચો.મી.

((૨૩))

<u>મિલકતનો ફોટો</u>

મિલકત નું સરનામું : <u>“ઓમપેલેસ”</u> માં આવેલ બિલ્ડીંગો પૈકી **પાસીંગ** પ્લાન મુજબ **<u>“બિલ્ડીંગ નં.:- બી પૈકી”</u>** જેમા આવેલ ફ્લેટો પૈકી **<u>ગ્રાઉન્ડ ફ્લોર</u> પર** આવેલ **<u>ફ્લેટ નંબર:- યુ.જી/૧</u>** જે સ્થળ મુજબ **<u>“બિલ્ડીંગ નં.:- એ”</u>** જેમા આવેલ ફ્લેટો પૈકી **<u>પહેલા માળ</u>** પર આવેલ **<u>ફ્લેટ નંબર:- ૧૦૧</u>**

ખરીદનારની સહી : ....

વેચનારની સહી : ....

ગામનું નામ:- નવાગામ	રે.સ.નં.:- ૮૩	ટી.પી.નં.:- ૮૫	ફ્લેટ નં.
દસ્તાવેજનો પ્રકાર:- વેચાણ	બ્લોક નં.:- ૮૫	ફા.પ્લોટ નં.:- ૨૮	ક્ષેત્રફળ:- ચો.મી.

((૨૪))

મિલકતનો ફોટો

મિલકત નું સરનામું : **"ઓમપેલેસ"** માં આવેલ બિલ્ડીંગો પૈકી પાર્કીંગ પ્લાન મુજબ **"બિલ્ડીંગ નં.:- બી પૈકી"** જેમા આવેલ ફ્લેટો પૈકી **યુ.ગ્રાઉન્ડ ફ્લોર** પર આવેલ **ફ્લેટ નંબરઃ- યુ.જી/૧** જે સ્થળ મુજબ **"બિલ્ડીંગ નં.:- એ"** જેમા આવેલ ફ્લેટો પૈકી **પહેલા માળ** પર આવેલ **ફ્લેટ નંબરઃ- ૧૦૧**

ખરીદનારની સહી : ....

વેચનારની સહી : ....

ગામનું નામઃ- નવાગામ	રે.સ.નં.:- ૮૩	ટી.પી.નં.:- ૮૫	ફ્લેટ નં.
દસ્તાવેજનો પ્રકારઃ- વેચાણ	બ્લોક નં.:- ૮૬	ફા.પ્લોટ નં.:- ૨૮	ક્ષેત્રફળ:- ચો.મી.

<u>વેચાણ દસ્તાવેજ લખાવી લેનાર</u>

....

<u>વેચાણ દસ્તાવેજ લખી આપનાર</u>

<u>મે.એમ.ડી.કોર્પોરેશન એક ભાગીદારી પેઢી ના વહીવટકર્તા ભાગીદાર</u>

(૧) નરેશકુમાર ગોરધનભાઈ તળાવીયા

....

ગામનું નામઃ- નવાગામ	રે.સ.નં.:- ૮૩	ટી.પી.નં.:- ૮૫	ફલેટ નં.
દસ્તાવેજનો પ્રકારઃ- વેચાણ	બ્લોક નં.:- ૮૬	ફા.પ્લોટ નં.:- ૨૮	ક્ષેત્રફળ:- ચો.મી.